બાળકોનું બાઈબલ

રજૂ કરે છે :

# શ્રીમંત માણસ,
# ગરીબ માણસ



લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : M. Maillot; Lazarus

અનુકૂલન : M. Maillot; Sarah S.

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

નિર્માતા : Bible for Children
www.M1914.org

©2017 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.

ઈસુ જાણતા હતા કે ઘણા ધાર્મિક આગેવાનો
ઈશ્વર કરતા પૈસાને વધુ પ્રેમ કરતા હતાં.
તેમણે બે વ્યક્તિઓની વાત કરી
કે તેમને શા માટે એમ થયું.



જો તેઓ ઈશ્વર વગર પૈસાદાર બનશે
તો તેમની દશા એવી જ થશે. પૈસા
દ્વારા ઈશ્વર પાસેથી સ્વર્ગનું
જીવન ખરીદી શકાતુ નથી.



એક પૈસાદાર પાસે
ખૂબ જ મોંઘા કપડા
હતાં. તે રાજાની
જેમ કપડા
પહેરતો હતો.



એ શ્રીમંત સારૂં ભોજન પણ જમતો હતો, તેનું દરેક ભોજન એક મિજબાની સમાન હતું. તેની પાસે એટલા બધા પૈસા હાત કે તેને જોઈએ તે ખરીદી શકતો હતો. જેમ કે તેનો સવારનો નાસ્તો, બપોરનું ભોજન, સાંજનું વાળું – વચ્ચે વચ્ચે નાસ્તો પણ કરી શકતો હતો.



આ શ્રીમંતના ઘરના દરવાજા પાસે એક ગરીબ, માંદો અને ભૂખે મરતો ભિખારી બેસતો હતો. તેનું નામ લાઝરસ હતું.





આ ગરીબના શરીર પર જખમ
પડેલા હતા. કદાચ તેને ઘણાં
રોગ થયા હશે. કદાચ બીજા
લોકો જેઓ તેને તુચ્છ ગણતા
હતા તેમના દ્વારા તેમને
કાપ અને ઘા
પડ્યા હશે.


આ જખમ
પડવાનું કારણ
કદાચ તેની સારા
ભોજન જેવા દૂધ,
શાકભાજી કે માંસ
ખાવાનું મળતુ
નહીં હોય.

લાજરસ ખાવા
માટે ઝંખના
રાખતો હતો.
તે કદાચ
શ્રીમંત
માણસના
મેજ પરથી જે
ટુકડા પડતા હતા
તેનાથી ખુશ હશે.



આ ગરીબ ભિખારી
પર કૂતરાઓ ચઢી
જતા હશે તેઓ
તેની આસપાસ
સુંઘતા અને તેના
ઘા ચાટતા હતા.
કોઈએ દરકાર ન
કરી કે આ લાજરસ
ભૂખે મરતો હતો.



એક દિવસે
સવારે
લાજરસ
ઉઠ્યો
નહિં.



આ ગરીબ, ભૂખે મરતો મિત્રો વગરનો ભિખારી આ દુનિયા છોડી ચાલ્યો ગયો હતો. લાજરસ મૃત્યુ પામ્યો હતો.



જ્યારે લાજરસ મરી ગયો ત્યારે
તેના માટે આનંદ શરૂ થઈ ગયો. ઈસુએ
કહ્યું કે દૂતો તેને ઈબ્રાહીમ બાપ પાસે લઈ
ગયા. લાજરસને ઈશ્વરે દિલાસો દીધો.



શ્રીમંત માણસ પણ મરી ગયો. તેના બધા પૈસા તેનું જીવન બચાવી શક્યા નહીં. જ્યારે મૃત્યુ આવે છે તેને કોઈ રોકી શકતું નથી.



આ પૈસાદાર માણસને દફનાવવામાં આવ્યો. કદાચ તેની દફનવિધિ ખૂબ જ મોટી થઈ હશે.



કદાચ લોકોએ આ શ્રીમંત માણસને હોંશિયાર અને સફળ બન્યા હોવાની પ્રસંશા કરી હશે. પણ તેમની પ્રશંસા તેને મદદ કરી ન શકી. આ શ્રીમંત માણસ નર્કમાં ગયો.




નર્કમાંથી શ્રીમંત માણસે બૂમ પાડી કે, “ઈબ્રાહિમ
બાપ, લાજરસને અહીં મોકલ કે પોતાની આંગળીનું
ટેરવું પાણીમાં ડબોડીને મારી જીભ પર મૂકે જેથી મને
ઠંડ કવળએ કારણ કે હું
અગ્નિમાં વેદના
પામુ છું.”



“તારી પાસે જીવનમાં સઘળું હતું અને લાજરસ પાસે કાંઈ જ ન હતું.” ઈબ્રાહીમે શ્રીમંત માણસને યાદ દેવડાવ્યું. “હવે લાજરસને દિલાસો તથા શાંતિ છે જ્યારે તને શિક્ષા થાય છે. આપણી વચ્ચે એક મોટી ખાઈ આવેલી છે તેને કોઈ ઓળંગી શકતું નથી.”



“મારા પાંચ ભાઈઓને ચેતવણી આપવા માટે લાજરસને મોકલ.” શ્રીમંત માણસે વિનંતી કરી. “હું ઈચ્છતો નથી કે તેઓ પણ મારી જગ્યા પર આવી પહોંચે.”



“તારા ભાઈઓ પાસે ઈશ્વરના વચનો છે” ઈબ્રાહીમે જવાબ આપ્યો.




“જો આ પાંચ ભાઈઓ બાઈબલ પર
વિશ્વાસ નહીં કરે તો આ લાજરસ
મૃત્યુમાંથી ઉઠીને જશે તો પણ તેઓ
વિશ્વાસ કરવાના
નથી.”

જ્યારે ઈસુએ આ શ્રીમંત અને લાજરસની વાર્તા પૂરી
કરી હશે ત્યારે તેઓ કદાચ પોતાની જાતને
પૂછ્યું હશે કે "શું તેઓ ઈશ્વર
કરતાં પણ વધુ પ્રેમ પૈસા
પર કરે છે?"



હવે તેમને ખબર હતી કે જો તેઓ ઈશ્વરના વચન નહીં સાંભળે તો તેમને શું થશે.



# શ્રીમંત માણસ, ગરીબ માણસ

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

લુક ૧૬

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦


સમાપ્ત

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ
બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા
મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે
પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે
વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે.
ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે
તેમાં ગયા છે. તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની
માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે
તમારી પાસે હ્રદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે
અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો  તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો. જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ
વાત કરો યોહાન ૩:૧૬